# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧-A તા. ૨૬-૪-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૯ નીચે રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાત આર.ટી.ઈ. રૂલ્સ–૨૦૧૨ ના નિયમ–૫ માં જ્યાં પડોશના વિસ્તારોમાં (પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક) શાળાઓનું અસ્તિત્વ નથી તેવા વિસ્તારમાં બાળકોને મફત પરિવહન સુવિધા પુરી પાડવા વર્ષ : ૨૦૧૮–૧૯ના બજેટ માટે કરેલ દરખાસ્ત અન્વયે સર્વ શિક્ષા અભિયાન મુખ્ય કચેરી,ગાંધીનગરે પરિવહન સુવિધાના લાભાર્થી બાળકોને નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસ (શાળા પ્રવેશોત્સવ)થી જ લાભ મળે તે હેતુથી નીચે આપેલ તમામ શરતો તેમજ વખતો વખત મળતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા આ સુવિધા શરૂ કરવા જણાવેલ છે.**

**<u>ટ્રાન્સર્પોટેશન સુવિધા માટેની દરખાસ્ત મેળવવાની સુચનાઓ અને માર્ગદર્શિકા :</u>**

- **એસ.એસ.એ.મ્યુનિ.સ્કુલ બોર્ડ, અમદાવાદના વર્ષ ૨૦૧૮–૧૯માં ટ્રાન્સર્પોટેશન ફેસીલીટીમાં કરેલ દરખાસ્ત મુજબના બાળકો માટે જ નાણાંકીય વર્ષ ૧૧ જૂન–૨૦૦૮ થી ૩૧ માર્ચ–૨૦૧૯ સુધી આ બાળકો માટે ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે.**
- **જે વોર્ડ /વિસ્તારથી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનું અસ્તિત્વ નથી તેવા વિસ્તારના (બાળકના રહેઠાણથી જયાં પ્રાથમિક શાળાનું અંતર એક કિ.મી. થી વધુ અને ઉચ્ચ પ્રાથમિક શાળાનું અંતર ત્રણ કિ.મી. થી વધુ છે તેવા વિસ્તારના) બાળકોને ટ્રાન્સર્પોટેશનની સુવિધા મળે તે માટે પ્રાથમિકતા આપવાની રહેશે.**
- **જે વોર્ડ /વિસ્તારથી ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનું અંતર ત્રણ કિ.મી. થી વધુ છે અને બાળકોની સંખ્યા ઓછી હોય અને નવી શાળા ખોલી શકાતી ન હોય તેવા વોર્ડમાં ધો.૧ થી ૫ ની શાળા હોય, પંરતુ ધો. ૬, ૭, ૮ ની શાળાનું અંતર ૩ કિ.મી. થી વધુ હોય તેવા વિસ્તારના બાળકોને પ્રાથમિકતા આપવાની રહેશે.**
- **જે વિસ્તારમાં સરકારી બસ, શહેરી કોર્પોરેશનની બસની સુવિધા શાળાના સમય મુજબ ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારના આરટીઓ માન્ય બંધ બોડીના ટ્રાન્સપોર્ટશન વાહનનું માન્ય ટ્રાવેલ્સ,માન્ય વાહનોનો ઉપયોગ બાળકોને સાનુકુળ રહે તે મુજબ વાહન ચાલકોમાં કંપનીની તમામ વિગતો (નામ, સરનામું, ફોન.નં.,આર. સી. બુક, વિમા પાવતી, ડ્રાઈવરના લાયસન્સની વિગતો વિગેરે) એસ.એમ.સી. કક્ષાએ નિભાવવાની રહેશે.**
- **બાળકોના ટ્રાન્સર્પોટેશન માટે થયેલ ચુકવવાના બીલો, વાઉચર, રસીદોનો રેકોર્ડ એસ.એમ.સી.કક્ષાએ રાખવાનો રહેશે અને આ ચુકવણું ચેક મારફતે જ જે તે વાહન માલિકના નામજોગ કરવાનો રહેશે.**
- **જે બાળકો માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની હોય તે બાળકોની વિગતો અને મુસાફરી કાર્ડની વિગતો પણ શાળા કક્ષાએ રાખવાની રહેશે.**
- **ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ મેળવતા બાળકોની બિડાણ–૧ મુજબની ફોટોગ્રાફી તથા ચાઈલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.**
- **દરખાસ્તમાં દર્શાવેલ બાળકોના રહેઠાણ અને શાળાનું અંતર અને અન્ય વિગતોની ઝોન/ જિલ્લા કક્ષાએથી રેન્ડમલી ચેકીંગ કરવામાં આવશે.**
- **શાળા કક્ષાએ વર્ષ ૨૦૧૮–૧૯ માટે ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ મેળવતા બાળકોની જ નવી ફાઈલ નિભાવવાની રહેશે. તેમજ બાળકોનું હાજરીપત્રક વાહન ચાલક પાસે તેમજ એસ.એમ.સી. કક્ષાએ નિયમિત નિભાવવાનું રહેશે.**

**વધુમાં શળાઓ દ્વારા પણ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરાવાની રહે છે.**

(૧) **દરેક એસ.એમ.સી. અને મુખ્ય શિક્ષકે તેઓની શાળામાં આવતા બાળકોને શાળાએ લાવવા અને ઘરે લઈ જવા માટે ઉપયોગમાં લેવાતી ઓટોરીક્ષા અને મારૂતિવાન કે પેસેન્જર કે અન્ય વાહન માટે ફિટનેશ સર્ટિફિકેટ અને પરમીટ છે કે કેમ? તેની ખાતરી કરી તેની નકલ રાખે અને તેને સંમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.**

(૨) **ઓટોરીક્ષા અને મારૂતિવાન કે પેસેન્જર કે અન્ય વાહનમાં જે બાળકો આવે છે તેઓના વાલીઓને શાળામાં બોલાવી બાળકોની સલામતી અને સગવડો સચવાય તે માટે રિક્ષા અને વાનના ચાલકોની માહિતીથી વાલીઓ પણ પરીચીત રહે તે માટે એક અઠવાડિયા દરમિયાન વાલી મિટીંગ બોલાવી જાગૃતિ લાવવામાં આવે.**

(૩) ઓટોરીક્ષાની કેપેસીટી ત્રણ બેઠક અને એક રિક્ષા ચાલકની હોવાથી રિક્ષા ચાલકની બાજુમાં કોઈ પણ સંજોગોમાં બાળકોને બેસાડવામાં ન આવે તેની કાળજી લેવામાં આવે. ત્રણની બેઠક ઓટોરીક્ષામાં અગાઉ હોવાથી ૧૨ વર્ષથી ઓછી ઉંમરના ૬ બાળકો સુધી બેઠક મુજબ બાળકોને લઈ જવા અને લાવવામાં આવે તે માટે ચુસ્તપાલન કરવામાં આવે.

(૪) મારૂતિવાનમાં ૬ ´ ૧ ડ્રાયવરની ક્ષમતાવાળી વાન હોવાથી ૬ ની બેઠક વ્યવસ્થા સામે ૧૨ વર્ષ થી નીચેના હોય તેવા બાળકોના સંજોગોમાં ૧૨ વર્ષ સુધીના ૧૨ બાળકોને બેસવાની પુરતી સુવિધાવાળી વાનનો જ ઉપયોગ થાય તે જોવામાં આવે.

(૫) સ્કુલના બાળકોને ભાડેથી લઈ જતાં દરેક વાહનની આગળ અને પાછળ સ્કુલ રિક્ષા અને સ્કુલ વાન એમ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખાવેલ હોવું જોઈએ. વાહનની દરેક બાજુએ પીળા બેક ગ્રાઉન્ડ ઉપર લાલ રંગમાં સ્કૂલ વાન લખેલું હોવું જોઈએ.

(૬) જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેના પર સ્કૂલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઈશે.

(૭) દરેક વાહનમાં પ્રાથમિક સારવાની પેટી ફરજિયાત પણે હોવી જોઈએ. તેમજ શાળાના મુખ્ય શિક્ષકે દર માસે પ્રાથમિક સારવાની પેટીની ખાતરી કરવાની રહેશે.

(૮) દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજિયાત રખાય તેની સુચનાનું પાલન થયેલ છે કે કેમ તેની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

(૯) ટ્રાન્સપોર્ટેશન સુવિધાના વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન કે મોબાઈલ નંબર અવશ્ય લખેવા હોવા જોઈશે.

(૧૦) સ્કૂલ વાહનના દરવાજા સારી ગુણવત્તાવાળા તાળાઓથી બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચૂક હોવા જોઈશે.

(૧૧) દરેક ઓટોરીક્ષા, વાનમાં, પેસેન્જર કે અન્ય વાહનમાં સ્કૂલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઈએ. ઓટોરીક્ષા કે વાનની આગળ પાછળ કે બાજુમાં સ્કુલબેગ લટકાવવી નહી.

(૧૨) સીટ કુશન સાદી સપાટીવાળુ હોવું જોઈએ/વાંકી ચુકી સપાટીવાળું હોવું જોઈએ નહીં.

(૧૩) વાનમાં ઉતારુ કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઈનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઈએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઈ ભાગ બહાર આવી શકે નહીં.

(૧૪) વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઈએ અને તે ચાલુ હાલતમાં હોવું જોઈએ.

(૧૫) આવું વાહન ૨૦ કિ.મી. કરતાં વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં.

(૧૬) વાહનમાં બાળકોના દફતર વાહનની કોઈપણ સાઈડે બહાર લટકાવી શકાશે નહીં.

(૧૭) ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડી શકાશે નહીં.

(૧૮) ટ્રાન્સપોર્ટેશન માટે નકકી કરેલ વાહનનો ચાલુ વર્ષનો ફુલ વિમો હોવો જોઈએ. જેની નકલ એસ.એમ.સી.માં રાખવાની રહેશે.

(૧૯) ડ્રાઈવરનું પોલીસ વેરીફીકેશન ફરજિયાત કરાર શરૂ કર્યાના એક માસની સમય મર્યાદામાં કરાવવાનું રહેશે.

(૨૦) વાહન પર એસએસએનો લોગો સરળતાથી વાંચી શકાય તે રીતે ફરજીયાત લગાવવાનો રહેશે.

(૨૧) વાહનના ડ્રાયવર પાસે લાભાર્થી બાળકોના નામની યાદી હોવી જોઈએ.

(૨૨) ડ્રાઈવરના નામ–સરનામા અને ફોન નંબરની માહિતી શાળાના મુખ્ય શિક્ષક પાસે હોવી જોઈશે.

(૨૩) ટ્રાન્સપોર્ટેશન માટેના વાહનમાં કેટલા બાળકોને બેસાડી શકાય, તેની વિગતો, સંખ્યાની વિગતો, વાહન વ્યવહાર, કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજયના પરિપત્ર ક્રમાંક ૧૨૪૦ તા.૩.૩.૨૦૦૬ ની માન્યતા પ્રમાણે ચકાસી તેટલા જ બાળકો બેસાડવાની કાળજી શાળાના મુખ્ય શિક્ષક, લાભાર્થી બાળકોના વર્ગશિક્ષકે રાખવી અને આ વાહન ટેકસી પાર્સિંગ(પીળી નંબર પ્લેટ)જ રાખવાનું રહેશે.

(૨૪) બાળકોને આપવામાં આવતી ટ્રાન્સપોર્ટેશન સુવિધા દરમ્યાન આકસ્મિક કોઈ દુર્ઘટના કે જાનહાનિ થાય તો આ અંગેની કોઈપણ જવાબદારી શાળા કે એસ.એસ.એ. કચેરીની રહેશે નહી. વાલીઓ કોઈપણ પ્રકારના વળતરની માગણી કરી શકશે નહી તેવો લાભ લેનાર તમામ બાળકોના વાલીઓની બાંહેધરી(આ સાથે સામેલ બિડાણ–૨ પત્રક મુજબ) ફરજિયાત લેવાની રહેશે.

(૨૫) ડ્રાયવરે કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવી શકશે નહીં તે સબબનું આ સાથેના નિયત નમુના બિડાણ–૩ મુજબનું બાહેંધરી પત્રક લેવાનું રહેશે.

(૨૬) વાહનમાં ટેપ, રેડીયો જેવા સાધનો વગાડી શકાશે નહીં.

(૨૭) ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે મુખ્ય શિક્ષકે વાહનના ડ્રાયવરને માહિતગાર કરી અને તેનું ચુસ્તપણે અમલીકરણ થાય તેની કાળજી લેવાની રહેશે.

(૨૮) વાહનનો ઉપયોગ જો રજા /જાહેર તહેવારના દિવસે આપની જરૂરિયાત મુજબ થાય તો આ અંગે કોઈ વધારાના નાણાંનું ચુકવણું કરવાનું રહેશે નહિ.

(૨૯) ટ્રાન્સપોર્ટેશનનું ચુકવણું દર મહિને કરવાનું રહેશે અને તેના ઉપર સરકારી કાયદા મુજબ ટી.ડી.એસ. ની કપાત કરીને ચુકવણું કરવાનું રહેશે.

(૩૦) ટી.ડી.એસ. ની કપાત દર મહિને કરી તેનું બેંક મારફત ચલણ ભરવાનું રહેશે.

(૩૧) ટી.ડી.એસ. ચલણ ની એક કોપી સર્વ શિક્ષા અભિયાનની ઓફિસમાં દર મહિને આપવાનું રહેશે અને જો આપવામાં નહિ આવે તો તેની તમામ જવાબદારી એસ.એમ.સી.ની રહેશે.

**ઉપરોકત તમામ બાબતોની પૂર્તતા થયે એસ.એમ.સી./મુખ્ય શિક્ષક દરખાસ્ત કરી સી.આર.સી.કોઓર્ડિનેટરને તાઃ૧/૫/૨૦૧૮ માં, સી.આર.સી.કોઓર્ડિનેટર યુ.આર.સી.કોઓર્ડિનેટરને તાઃ૩/૫/૨૦૧૮માં, યુ.આર.સી.કોઓર્ડિનેટર ફિલ્ડ સુપરવાઈઝર મારફત મદદનીશ શાસનાધિકારીશ્રીને તાઃ૯/૫/૨૦૧૮માં આ તમામ લાભાર્થી બાળકોનું વેરીફીકેશન કર્યા બાદ યુ.આર.સી.કો–ઓર્ડિનેટરે તેમના ઝોનમાંથી આવેલ તમામ દરખાસ્તોનું એકત્રીકરણ કરી તેની સમરી સાથે તેમજ તમામ આધાર પુરાવા સાથે એ.એસ.એ. કચેરી ખાતે તાઃ૧૫/૫/૨૦૧૮મોકલી આપવાની રહેશે.**

તા. ૨૬-૦૪-૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

બિડાણ–૧ઃ– ચાઈલ્ડ પ્રોફાઈલ
બિડાણ–૨ઃ– વાલીઓનું સંમતિ પત્રક
બિડાણ–૩ઃ– વાહન ચાલકનું બાંહેધરી પત્રક

# ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ અપાવવા માટે વાલિઓનું સમંતિ પત્રક

આથી હું ................................................................ મારી વય ........... છે.

મારુ / મારા ........... બાળક / બાળકો

(૧) ......................................................................

(૨) .................................................................

..............................................સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ..........માં અભ્યાસ કરે છે. અમારા .............................વિસ્તારથી શાળાનું અંતર વધુ છે., જેથી અમારા બાળકો નિયમિત અને સમયસર શાળામાં જઈ શકે તે માટે અમે અમારી જવાબદારીથી બાળકો માટે ટ્રાન્સપોર્ટેશનની યોજનાનો લાભ અપાવવા માટે ભલામણ કરીએ છીએ.

અમારા બાળકોને .................................ધ્વારા શાળાના કાર્યના દિવસોમાં શાળાએથી આવવા–જવા માટે ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ લેવા માટે અમારી સહમતી આપીએ છીએ. આ ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન બાળકને કોઈપણ પ્રકારનું નુકશાન કે અન્ય કોઈ પ્રકારની હાની થાય તો તેની સંપુર્ણ જવાબદારી અમારી અંગત રહેશે.

વાલીનું નામ :– ......................................

વાલીની સહી :– ......................................

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

# ચાઈલ્ડ પ્રોફાઈલ (ટ્રાન્સપોર્ટેશન) વર્ષ : ૨૦૧૮-૧૯

બાળકનું નામ :– ..........................................................

બાળકનો તાજેતરનો ફોટો

શાળા નું નામ :–......................... ડાયસ કોડ ...........................

શાળાનું સરનામું :– ..........................................................

વોર્ડ : –.............................કોર્પોરેશન :– ............................

ટ્રાન્સપોર્ટેશન શરૂ થયાની તા...................... ધોરણ........... ઉમર .........

શાળાના મુખ્ય શિક્ષકનું નામ ...........................................મો.નંબર.............................

ટ્રાન્સપોર્ટેશન સુવિધા લેવાનું કારણ ..........................................................................

| ક્રમ | માસ | માસના કુલ દિવસ | કામકાજના કુલ દિવસ | બાળકના હાજર દિવસ | માસની ચુકવવાપાત્ર રકમ | સહી(એસ.એમ.સી.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુન | | | | | |
| ૨ | જુલાઈ | | | | | |
| ૩ | ઓગષ્ટ | | | | | |
| ૪ | સપ્ટેમ્બર | | | | | |
| ૫ | ઓકટોબર | | | | | |
| ૬ | નવેમ્બર | | | | | |
| ૭ | ડીસેમ્બર | | | | | |
| ૮ | જાન્યુઆરી | | | | | |
| ૯ | ફેબ્રુઆરી | | | | | |
| ૧૦ | માર્ચ | | | | | |

## એસ.એમ.સી.નું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોકત દર્શાવેલ બાળક હાજરીપત્રક મુજબ હાજર રહેલ છે અને તે મુજબ જ નાણાંનું ચુકવણું કરવામાં આવેલ તેમજ આ શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધા નિયમિત કાર્યરત છે.

અધ્યક્ષ(સહી)
શાળા વ્યવસ્થાપન સમિતિ

સભ્ય સચિવ(સહી)
શાળા વ્યવસ્થાપન સમિતિ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## વાહન ચાલકનું બાહેધરી પત્રક

આથી હું નામે .......................................ઉ.વર્ષ: ..........રહેવાસી ..........
.........................................................મો.નંબર: ....................લાયસન્સ
નંબર ..................લાયસન્સ પૂર્ણ થવાની તારીખ......છે અને હું ..........................
..............શાળામાં પરિવહન સુવિધા ગાડી નં ................થી આપું છું અને બાળકોને શાળાથી ઘરે અને ઘરથી શાળાએ લાવવામાં નીચે મુજબની શરતોનું પાલન કરવા સંમત થાવ છું.

શરતો.

૧ ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડીશ નહી.

૨. વાહન ૨૦ કિ.મી. કરતાં વધુ ઝડપે ચલાવીશ નહી.બાળકોની સલામતી જળવાય તેવી રીતે ચડવા ઉતારવા તેમજ મુસાફરીમાં કાળજી રાખીશ.

૩. વાહનમાં બાળકોના દફતરો ડાબી કે જમણી બાજુએ બહાર લટકાવીશ નહી.

૪. વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત રાખીશ.

૫. વાહનમાં ટેપ, રેડીયો જેવા સાધનો વગાડીશ નહી.

૬ કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવીશ નહી.

૭ શાળામાંથી આપવામાં આવેલ બાળકોના નામની યાદી મુજબ જ બાળકોને એ જ ગાડીમાં બાળકોને બેસાડીશ.

૮ વાહન પર એસએસએનો લોગો સરળતાથી વાંચી શકાય તે રીત ફરજીયાત લગાવીશ.

ઉપરોકત તમામ શરતોનું તેમજ શાળા કક્ષાએથી સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સંમત છું અને આ શરતની પાલન કરવામાં કોઈપણ ચુક થશે તો તેની સંપુર્ણ જવાબદારી મારી રહેશે.

તા. / /

સહિ.

નામ :

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧-B તા. ૨૬-૪-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય – Online Programme on School Leadership and Management કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન બાબત.

સંદર્ભ – ડાયટ શહેરનો પત્ર ક્રમાંક- જશભ/સીટીસી-આઇએએસસી–૨૦૧૮/૯૩૨ તા.૧૩/૪/૨૦૧૮.

આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, MHRD, નવી દીલ્હીની સૂચનાથી NCSL-NUEPA, નવી દીલ્હી તરફથી વિવિધ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની શાળાઓના આચાર્ય કે સ્કૂલ હેડ માટે Online Programme on School Leadership and Management કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. સદર ઓનલાઇન કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન કરવા MHRDની સૂચના અન્વયે રાજયની તમામ શાળાના મુખ્ય શિક્ષકોને તા.૧૪ મે, ૨૦૧૮ સુધીમાં રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.

આ કાર્યક્રમના ચોથા રાઉન્ડનું રજીસ્ટ્રેશન તા.૧૦ એપ્રિલ, ૨૦૧૮ થી ૩૦ એપ્રિલ, ૨૦૧૮ દરમ્યાન થનાર છે. આ કોર્સનો સમયગાળો ૧ મે, ૨૦૧૮ થી ૧૫ જુલાઇ, ૨૦૧૮ છે. જયારે પાંચમાં રાઉન્ડનું રજીસ્ટ્રેશન તા. ૧ મે, ૨૦૧૮ થી ૧૪ મે, ૨૦૧૮ દરમિયાન થનાર છે. આ કોર્સનો સમયગાળો ૧૫ મે, ૨૦૧૮ થી ૩૧ જુલાઇ, ૨૦૧૮ છે. રજીસ્ટ્રેશન http://pslm.nuepa.orgપર કરવામાં આવશે. આ અઢી મહિનાનો કોર્સ સફળતાપૂર્વક કર્યા બાદ NCSL-NUEPA, નવી દીલ્હી દ્વારા પ્રમાણપત્ર આપવમાં આવશે.

આ માટે, તમામ મુખ્ય શિક્ષકોને ઉપરોકત તાલીમ કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે જણાવવામાં આવે છે. રજીસ્ટ્રેશન કર્યાની વિગતો તા.૧૪ મે, ૨૧૦૮ સુધી સુપરવાઇઝરશ્રીને જણાવવાની રહેશે.

તા. ૨૬-૦૪-૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

બિડાણ –સંદર્ભ દર્શિત પત્રની નકલ

ક્રમાંક: જીસીઇઆરટી/CTE-IASE/2018/ ૯૫૪૫-૭૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, વિદ્યાભવન,
સેક્ટર-12, ગાંધીનગર.
ફોન:(079)23256808-39
ફેક્સ: (079)23256812
ઇ-મેઇલ: gcert12@gmail.com
Web : www.gcert.gujarat.gov.in
તારીખ: ૧૬/૪/૨૦૧૮

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

તમામ.

વિષય - Online Programme on School Leadership and Management કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન બાબત

સંદર્ભ – (1) NCSL, NUEPA, નવી દિલ્હી તરફથી તા. 04 એપ્રિલ 2018 ના રોજ આવેલ ઇ-મેઇલ

(2) માન. નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજૂરી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે MHRD, નવી દિલ્હીની સૂચનાથી NCSL, NUEPA, નવી દિલ્હી તરફથી વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની શાળાઓના આચાર્ય કે સ્કૂલ હેડ માટે Online Programme on School Leadership and Management કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. સદર ઓન-લાઇન કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન કરવા MHRD ની સૂચના અન્વયે રાજ્યની તમામ શાળાના મુખ્ય શિક્ષકોને તા. 14 મે, 2018 સુધીમાં રજીસ્ટ્રેશન માટે જણાવેલ છે.

આ કાર્યક્રમનાં ચોથા રાઉન્ડનું રજીસ્ટ્રેશન તા. 10 એપ્રિલ 2018 થી 30 એપ્રિલ 2018 દરમિયાન થનાર છે. આ કોર્સનો સમયગાળો 1 મે 2018 થી 15 જુલાઇ 2018 છે. જ્યારે, પાંચમાં રાઉન્ડનું રજીસ્ટ્રેશન તા. 1 મે 2018 થી 14 મે 2018 દરમિયાન થનાર છે. આ કોર્સનો સમયગાળો 15 મે 2018 થી 31 જુલાઇ 2018 છે. રજીસ્ટ્રેશન http://pslm.nuepa.org પર કરવામાં આવશે. આ અઢી મહિનાનો કોર્સ સફળતાપૂર્વક કર્યા બાદ NCSL, NUEPA, નવી દિલ્હી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ માટે, આપના જિલ્લાની શાળાઓમાં નિયુક્ત તમામ મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત તાલીમ કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવવા માટે આપની કક્ષાએથી જરૂરી આદેશ કરવા આજ્ઞાનુસાર વિનંતી કરવામાં આવે છે.

સચિવ

જીસીઇઆરટી

ગાંધીનગર

Scanned by CamScanner